સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં.૦૨, તા. ૧૨.૦૯-૨૦૨૪

### ગાંધીનગર-અમદાવાદના અપડાઉન કરતાં કર્મી, વિદ્યાર્થીઓને મેટ્રોનો લાભ મળશે

# મોટેરાથી સેક્ટર-૧ સુધીના ૨૧ કિમીના મેટ્રોના રૂટમાં ગાંધીનગરના આઠ સ્ટેશનોનો સમાવેશ

## રીક્ષા અને ટેક્સી કરતાં પણ મેટ્રોનુ ભાડું સસ્તુ : સસ્તામાં સિદ્ધપુરની જાત્રા કોને ના ગમે

### મોટેરાથી જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકૂવા સર્કલ, ઈન્ફોસિટી, સે-૧ વચ્ચે મેટ્રો દોડતી થશે

। ગાંધીનગર ।

ગાંધીનગર - અમદાવાદને જોડતાં મેટ્રો ટ્રેનના લોકાર્પણને હવે ગણતરીના દિવસો બાકી છે. સમગ્ર કાર્યક્રમને અત્યારે આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ બધા વચ્ચે સૌથી મહત્વની બાબત એ છે કે, હવે અમદાવાદથી ગાંધીનગર સુધી પહોંચવું વધુ સરળ અને કિફાયતી બનશે. કારણકે ટેક્સી અને રીક્ષા કરતાં પણ મેટ્રોનું ભાડું ખૂબ જ સસ્તું રહેશે. એમ કહી શકાય કે, સસ્તામાં સિધ્ધપુરની જાત્રા જેવું બની રહેશે. મોટેરાથી ઉપડનાર મેટ્રો ગાંધીનગરના આઠ સ્ટેશનોને આવરી લેશે. મોટેરાથી જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી અને સેક્ટર-૧ સુધી મેટ્રો દોડતી થશે. મેટ્રોના સુત્રોના જણાવ્યાનુસાર વાસણા એપીએમસીથી ગાંધીનગર સેક્ટર- ૧ મેટ્રો સ્ટેશન માત્ર રૂ ૩૫માં પહોંચી શકાશે. માત્ર ૬૫ મિનીટમાં જ અમદાવાદના વાસણાથી ગાંધીનગર પહોંચી શકાશે. આગામી ૧૬ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોનો આરંભ થનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રોની શરૂઆત કરાવશે. તેઓ સેક્ટર-૧ના સ્ટેશનથી મેટ્રોમાં બેસીને ગિફ્ટ સિટી સ્ટેશન સુધી જશે. સમગ્ર કાર્યક્રમ તૈયાર કરાઈ રહ્યો છે. અહીં ગાંધીનગરની જનતા એટલા માટે ઉત્સુક છે કે, તેમના માટે હવે અમદાવાદ પહોંચવું સરળ બનશે.

તેવી જ રીતે અમદાવાદથી ગાંધીનગર આવવું પણ એટલું જ સરળ બનશે. હવે રીક્ષા કે ટેક્સીનું ઉંચુ ભાડું નહી ચૂકવવું પડે. મેટ્રો પ્રોજેક્ટના બીજા તબક્કામાં મોટેરાથી ગાંધીનગર વચ્ચે મેટ્રો દોડતી થવાની છે. જેમાં એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જઈ રહ્યો છે. વડાપ્રધાન પણ ગિફ્ટ સિટીના કોરિડોર સુધી મેટ્રોમાં મુસાફરી કરનાર છે. જે બતાવે છે કે, સચિવાલય તથા ગિફ્ટ સિટીના કર્મચારીઓ માટે મેટ્રો ખૂબ જ સુગમતાભર્યું ટ્રાન્સપોર્ટેશન બની રહેશે. જાણવા મળ્યા મુજબ આ ફેજ ૨૧ કિમીનો છે. આ રૂટમાં આઠ સ્ટેશનનો સમાવેશ થશે. સેક્ટર-૧, ઈન્ફોસિટી, ધોળાકુવા સર્કલ, રાંદેસણ, રાયસણ, પીડીઈયુ તથા જીએનએલયુ, ગિફ્ટ સિટીનો સમાવેશ થાય છે. આ રૂટ પર હવે મેટ્રો દોડતી નજરે ચડશે. અમદાવાદ અને ગાંધીનગરથી અપડાઉન કરતાં કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ માટે મેટ્રો સૌથી સારો વિકલ્પ બનશે તેવું કહેવાય રહ્યું છે.